# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

ધોરણ : ૭ | ગણિત | કુલ ગુણ : ૮૦

તારીખ : ૮/૦૪/૨૦૧૯ | (દ્વિતીય સત્ર) | સમય : ૯-૩૦ થી ૧૨-૩૦

---

**પ્રશ્ન: 1(અ) નીચેના પ્રશ્ન વાંચી આપેલા ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (5 ગુણ)**

(1) નીચેના પૈકી કઈ આકૃતિ રેખાઓની સંમિતિ ધરાવતી નથી?


(A)


(B)


(C)


(D)

(2) અડધા પરિભ્રમણનો અર્થ છે કે,..............

(A) 90° દ્વારા પરિભ્રમણ  (B) 180° દ્વારા પરિભ્રમણ

(C) 270° દ્વારા પરિભ્રમણ  (D) 360° દ્વારા પરિભ્રમણ

(3) $(3Z + 4Z + 5Z)^0$ ની કિંમત શું થાય?

(A) 1  (B) 12z  (C) 12  (D) z

(4) ઈંટને ઉભી કાપો તો, કયો આડછેદ મળે છે?

(A) ચોરસ  (B) લંબચોરસ  (C) ત્રિકોણ  (D) વર્તુળ

(5) નીચેના પૈકી સમતલીય આકૃતિ કઈ છે?


(A)


(B)


(C)


(D)

**પ્રશ્ન:1 (બ) નીચે આપેલાં જોડકાં સાચાં વિકલ્પોની સામે જોડો (5 ગુણ)**

(1) પિરામિડ  (A)  2

(2) સમઘન  (B) પરિભ્રમણ કોણ 180°, 360°

(3) સમબાજુત્રિકોણ  (C) છ સંમિતિ રેખા

(4) લંબચોરસ  (D) ત્રણ સંમિતિ રેખા

(5)   (E) 

(F) ચાર સંમિતિ રેખા



Scanned by CamScanner

**પ્રશ્ન: 1(ક) નીચે આપેલ ખાલી જગ્યા યોગ્ય વિકલ્પ પસંદ કરી પૂર્ણ કરો** **(8 ગુણ)**

(1) $\frac{3}{7} = \frac{\ }{14}$ ( 2 ,4, 6)

(2) બંધ આકૃતિએ સમતલમાં રોકેલી જગ્યાનું માપ તે આકૃતિનું ________ દર્શાવે છે. (પરિમિતિ, ક્ષેત્રફળ, ઘનફળ)

(3) જે ચોરસની બાજુની લંબાઈ y સેમી હોયતેની પરિમિતિ________ સે.મી. થાય. ( $y^2$ , $4y$ , $2y^2$)

(4) ત્રિકોણીય પિરામિડના ફલક _____ આકારના હોય છે. ( વર્તુળ ચોરસ, ત્રિકોણ)

(5) $2^8$ _____ $8^2$ ( = , < , > )

(6) ખૂણાને_____ સંમિતિ રેખાઓ હોય છે. ( એક, બે, ત્રણ )

(7) _______ સંમિતિ રેખા ધરાવે છે.( S , Q , B )

(8)_______ ને ફક્ત એક જ શિરોબિંદુ હોય છે. ( ગોલક, નળાકાર, શંકુ)

**પ્રશ્ન:2 (અ) નીચેના વિધાનો વાંચી સાચા વિધાનની સામે √ અને ખોટા વિધાનની સામે × ની નિશાની કરો.** **( 6 ગુણ)**

(1) તમામ દશાંશ સંખ્યાઓ સંમેય સંખ્યાઓ છે.

(2) બે સમાંતર રેખાઓ વચ્ચેનું અંતર દરેક જગ્યાએ સરખું હોય છે

(3) બધા ત્રિકોણને સમાન ક્ષેત્રફળ હોય છે.

(4) ત્રિપદી ને બહુપદી પણ કહેવાય.

(5) $(-3)^4 = -12$

(6) સમાંતર બાજુ ચતુષ્કોણને બે રેખા સંમિતિ હોય છે.

**પ્રશ્ન:2 (બ) માગ્યા મુજબ જવાબ આપો** **(8 ગુણ)**

(1) મહેશ કોઈ એક સ્થાન T પાસેથી પૂર્વ દિશામાં $\frac{2}{3}$ કિમી ચાલે છે અને ત્યાંથી $1\frac{5}{7}$ કિમી પશ્ચિમ દિશામાં ચાલે છે હવે તે T થી કેટલે દૂર હશે?

(2) $\frac{5}{7} \div \left(\frac{55}{-21}\right)$ નું સાદુંરૂપ આપો.

(3) એક લંબચોરસનું ક્ષેત્રફળ 440 મી$^2$ અને લંબાઈ 22 મીટર છે તેવા જમીનના લંબચોરસ પ્લોટની પહોળાઈ શોધો.

(4) $p^2 - q + r$ , $q^2 - r + p$ અને $r^2 - p + q$ નો સરવાળો કરો.

**પ્રશ્ન-2 (ક) નીચે આપેલાં દાખલા ગણો.** **(8 ગુણ)**

(1) 

નું ક્ષેત્રફળ શોધો.

(2) એક વર્તુળનો પરિઘ 314 સેમી છે. તેની ત્રિજ્યા અને ક્ષેત્રફળ ગણો.( $\pi = 3.14$)

(3) $\frac{5}{13} \div \left(-\frac{7}{65}\right)$ કિંમત શોધો.

(4) પ્રમાણિત સ્વરૂપમાં લખો: **(a)** 59,06,000 **(b)** 6,15,65,000



Scanned by CamScanner

પ્રશ્ન:3 (અ) નીચે આપેલા દાખલા ગણો. (8 ગુણ)

(1) $3a^3 \times a^5 \times 6a^4$ નું સાદુંરૂપ આપો.

(2) જો z=5 હોય તો $z^3 - 8(z-5)$ ની કિંમત શોધો.

(3)  આ આકૃતિનો ઉપરનો, સામેનો અને બાજુનો દેખાવ દોરો.

(4) કેન્દ્રથી $120^0$ ફર્યા પછી આકૃતિ તેની મૂળ સ્થિતિના જેવી જ દેખાય છે બીજા કયા ખૂણાઓ માટે આવું હશે?

પ્રશ્ન:3(બ) નીચે આપેલા દાખલાં ગણો. (8 ગુણ)

(1) જો 70 મીટર કાપડમાંથી 5 પડદા બનાવવામાં આવ્યા હોય તો એક પડદો બનાવવા માટે કેટલા મીટર કાપડની જરૂર પડે?

(2) ત્રિકોણ ABC ની રચના કરો, જ્યાં AB=4 સેમી , BC=5 સેમી અને AC=6 સેમી આપેલ છે.

(3) પેટર્નમાં વધુ ચાર સંમેય સંખ્યાઓ લખો

(1) $-\frac{3}{5}, -\frac{6}{10}, -\frac{9}{15}, -\frac{12}{20}, \ldots$

(2) $-\frac{2}{7}, -\frac{4}{14}, -\frac{6}{21}, -\frac{8}{28}, \ldots$

પ્રશ્ન: 3( ક) નીચે આપેલા દાખલા ગણો. ( બે માંથી એક) (4 ગુણ)

(1) 40 મીટર લંબાઈની બાજુવાળા ચોરસ બાગની અંદરની બાજુએ ચારે તરફ 1 મીટર પહોળો રસ્તો બનાવેલ છે, તો આ રસ્તાનું ક્ષેત્રફળ શોધો.

(2) PQRS સમાંતરબાજુ ચતુષ્કોણ છે. Q માંથી SR પરની લંબાઈ QM છે અને Q માંથી PS પરની ઉંચાઈ QN છે.જો SR= 12 સેમી અને QM = 7.6 સેમી હોય તો સમાંતર બાજુ ચતુષ્કોણ PQRS નું ક્ષેત્રફળ શોધોઅને જો PS=38 સેમી હોય તો QN શોધો.






Scanned by CamScanner

(10 ગુણ)

પ્રશ્ન:-4 નીચે આપેલા દાખલા ગણો (ત્રણ માંથી બે)

(1) $ab + 2b^2$ અને $3b^2 - a^2$ સરવાળામાંથી $12ab - 10b^2 - 18a^2$ અને $9ab+12b^2+14a^2$ નો સરવાળો બાદ કરો.

(2) $\frac{(2^5)^2 \times 7^3 \times 9}{8^3 \times 7 \times 63}$ સાદું રૂપ આપો.

(3) એક લંબચોરસ સ્વિમિંગ પુલની લંબાઈ 30 મી અને પહોળાઈ 20 મી છે. લંબાઈના ભાગમાં 5 મી અંદર પહોળો અને પહોળાઈના ભાગમાં 8 મી પહોળો રસ્તો છે. આ રસ્તા પર 200 રૂપિયા / મીટર$^2$ પ્લાસ્ટર કરવાનો ખર્ચ શું થાય?

(10 ગુણ)

પ્રશ્ન: 5 નીચે આપેલા દાખલા ગણો. (ત્રણમાંથી બે)

(1) $\Delta$ LMN રચો જેમાં $\angle M$ કાટખૂણોછે અને LN= 5 સેમી અને MN=3 સેમી છે.

(2) $\Delta$ XYZ ની રચના કરો. જેમાં XY = 6 સેમી $m\angle XYZ = 110^0$ અને $m\angle ZXY = 30^0$ છે.

(3) એક લંબચોરસ બાગ 45 મીટર લંબાઈ અને 30 મીટર પહોળાઈ ધરાવે છે. આ બાગની ફરતે બહારથી 2.5 મીટર પહોળો રસ્તો બનાવવામાં આવે છે. આ રસ્તાનું ક્ષેત્રફળ શોધો.






Scanned by CamScanner